# ઉપસંહાર : *તમારા આંતરિક અને બાહ્ય દૃશ્યને પુનર્નવીન કરવું*

૭ જૂન, ૨૦૨૪

આત્મીય પાઠક,

આ વર્ષના માર્ચ મહિનાથી, આપણે આપણા શ્રીગુરુ, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ દ્વારા પ્રદાન કરાયેલી છ શિખામણોને વાંચી રહ્યાં છીએ, તેનું અધ્યયન કરી રહ્યાં છીએ અને એકબીજાને આપણી અંતર્દષ્ટિઓ જણાવી રહ્યાં છીએ. આ શિખામણોનું શીર્ષક છે : *તમારા આંતરિક અને બાહ્ય દૃશ્યને પુનર્નવીન કરવું*. આ શિખામણોનું ક્ષેત્ર વિશાળ છે — ઘણીવાર મારા મનમાં વિચાર આવ્યો કે આમાં સિદ્ધયોગ સાધનાના વિશે "અથઇતિ" બધું જ સમાયેલું છે. આ શિખામણો સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ હોવા છતાં, તેમાં એક ખૂબ જ વિશિષ્ટ દાર્શનિક સિદ્ધાંત રહેલો છે જે આ બધી શિખામણો પરોવીને રાખે છે અને આ વાત તેના શીર્ષકમાં પૂર્ણરીતે સમાહિત છે.

જ્યારે ગુરુમાઈજીએ મને પહેલીવાર કહ્યું કે તેઓ આ શિખામણોને *તમારા આંતરિક અને બાહ્ય દૃશ્યને પુનર્નવીન કરવું* એ શીર્ષક આપવા ઇચ્છે છે, તો આ જાણીને હું વિસ્મિત થઈ ગઈ કે આ વાક્યાંશ કેટલું *ઉચિત* લાગે છે, કેટલું અનિવાર્ય લાગે છે. એવું લાગી રહ્યું હતું જાણે તેનું શીર્ષક આ જ *હોવાનું* હતું, અને ગુરુમાઈજીએ બસ તેને કોઈ સુગંધિત વાયુમંડળમાંથી તોડીને આપણને આપ્યું હતું જેથી આપણે પણ તેની સુગંધને શ્વાસમાં ભરી શકીએ. સિદ્ધયોગ પથ પર, આપણે ઘણીવાર પુનર્નવીન કરવા વિશે વાત કરીએ છીએ. આપણે ઘણી બધી નવી શરૂઆતોનો ઉત્સવ મનાવીએ છીએ; આપણે વિભિન્ન સંસ્કૃતિઓ અને પરંપરાઓનાં નવવર્ષનું સન્માન કરીએ છીએ. આ બધું જ એ વિશ્વાસનો એક ભાગ છે જેને મેં હંમેશાં ગુરુમાઈજી પાસે અનુભવ કર્યો છે, અને તેમનો વિશ્વાસ છે કે મનુષ્યમાં અનંત ક્ષમતા છે પરિવર્તિત થવાની, વિકસિત થવાની, પોતાની અંદર નવીનતા લાવવાની અને આ નવીનતા જ — વિરોધાભાસી રૂપથી — મનુષ્યને એ આત્મા તરફ પાછા લઈ આવે છે જે તે સદૈવથી છે.

ગુરુમાઈજીએ મને એકવાર એક માણસનો પ્રસંગ કહ્યો હતો જેઓ સત્સંગના સમાપન સમયે બાબા મુક્તાનંદનાં દર્શન કરવા માટે આગળ આવ્યા હતા. આ માણસની ઉંમર એંશી વર્ષની હતી અને તેઓ સિદ્ધયોગ પથ પર નવા હતા. જ્યારે તેઓ બાબાજીની સમક્ષ આવ્યા તો તેમણે બાબાજીને પૂછ્યું કે શું તે એટલો વૃદ્ધ થઈ ગયો છે કે સાધના શરૂ ન કરી શકાય. બાબાજીએ તેમની સામે સ્મિત કરીને કહ્યું, "સાધના શરૂ કરવા માટે કોઈપણ ક્યારેય વૃદ્ધ નથી હોતું. તેને કોઈપણ ઉંમરે શરૂ કરી શકાય છે. અને જો તમે પોતાને સમર્પિત કરી દેશો તો તમે નિશ્ચિતપણે સાધનાનાં ફળનો અનુભવ કરશો."

જ્યારે મેં *પુનર્નવીન* કરવું એ વિશે ગુરુમાઈજીની આ શિખામણો વાંચી ત્યારે મને એ જ મહસૂસ થયું જે મને લાગે છે કે બાબાજીના શબ્દો સાંભળીને એ માણસને થયું હશે. એક તરફ, હું આશ્વસ્ત મહસૂસ કરું છું કે ભલે મારી

ઉંમર ગમે તેટલી વધે અથવા ગઈકાલે જે પણ થયું હોય અથવા ભલે ગમે તેટલી વાર મને એવું લાગે કે મેં પ્રયાસ કર્યો અને હું નિષ્ફળ થઈ ગઈ, તેમછતાં હું અહીં, આ ક્ષણમાં સ્વયંને પુનર્નવીન કરી શકું છું. તેમાં વિસ્તૃત થવાનો અને દરેક વસ્તુ સંભવ હોવાનો એક ભાવ પણ છે — તેમાં એક આમંત્રણ છે કે હું આ સંસારને જોવાની અને તેમાં જીવવાની મારી એ રીતોનું પુનઃ મૂલ્યાંકન કરું જેને મેં "સાચી" માની લીધી હોય અથવા એવું માની લીધું હોય કે હું વ્યવહાર અથવા વિચાર કરવાની મારી વિશિષ્ટ રીતો અને જીવનની પરિસ્થિતિઓના અનુસાર જ મારી આકાંક્ષાઓ રાખી શકું છું, એનાથી વધારે નહીં. મેં ગુરુમાઈજીને એ વિશે બોલતાં સાંભળ્યા છે કે જ્યારે લોકોને પૂછવામાં આવે છે કે તેઓ શા માટે એક વિશિષ્ટ રીતે વ્યવહાર કરે છે, તો તેઓ પોતાના હાથ હવામાં ઊંચા કરીને ખોટી વિચારસરણી સાથે કહે છે : "હું તો આવો જ છું!" તેઓ આ વાત એવી રીતે કહે છે જાણે આ કોઈ પ્રકારની નિર્વિવાદ હકીકત હોય, જાણે તેમના પોતાના વર્તન અને વ્યક્તિત્વને બદલવા માટે તેમની પાસે કોઈ ક્ષમતા કે સાધન જ નથી, અને તેના વિશે પ્રશ્ન પૂછવાનું કોઈ કારણ પણ નથી કે તેઓ શા માટે હંમેશાંથી આ રીતે જીવે છે.

પરંતુ ગુરુમાઈજી આપણને જે કહી રહ્યાં છે તેને જો સાચે જ આપણે આપણા હૃદયમાં ઉતારીએ — કે આપણા આંતરિક અને બાહ્ય દૃશ્યને ખરેખર *પુનર્નવીન* કરી શકાય છે — તો પછી આપણે સીમિતતાઓમાં રહેલા એ ભ્રમને જોવા લાગીએ છીએ જેને આપણે આટલા લાંબા સમયથી સાચો માનીને પકડી રાખ્યો છે. આપણે કોઈ એવી વસ્તુને આપણી અંદરથી ઊભરવા માટે જગ્યા બનાવીએ છીએ જે નવી અને *વાસ્તવમાં* સત્ય હોય. શ્રીગુરુની શિખામણોના માર્ગદર્શનથી અને શ્રીગુરુની કૃપાનો આધાર પ્રાપ્ત કરીને, આપણે અસાધારણ પ્રગતિ કરી શકીએ છીએ.

***

ગુરુમાઈજીએ ઘણા બધા અવસરો પર કહ્યું છે કે સિદ્ધયોગ શિખામણોને પ્રદાન કરવા પાછળ તેમનો સંકલ્પ એ હોય છે કે લોકો પોતાને વાસ્તવમાં જાણી શકે. આમાં એક મુખ્ય પાસું છે, આત્માને જાણવો — એટલે કે પરમ આત્માને જાણવો, એ દિવ્યતાને જાણવી જે આ બ્રહ્માંડની દરેક વસ્તુમાં અને આપણા અંતરમાં વિદ્યમાન છે. પરંતુ આમાં આપણા વ્યક્તિત્વની વિશેષતાઓ એટલે કે આપણી આદતો, આપણો ઇતિહાસ, આપણી અનોખી મનોવૃત્તિઓ સાથે ગહનતાથી પરિચિત થવાનું પણ સમાવિષ્ટ છે. આખરે, જીવાત્મા દ્વારા જ તો પરમ આત્માને જાણી શકાય છે.

મને હંમેશાં એ વાત પર આશ્ચર્ય થાય છે કે કેવી રીતે ગુરુમાઈજી તેમની શિખામણોમાં આપણા દૈનિક જીવનનાં સામાન્ય લાગતાં કાર્યોનું ઉદાહરણ આપે છે એટલે કે એ કાર્યો જે આપણે જાણીજોઈને કે અજાણતામાં કરીએ છીએ, એ દૈનિક ઘટનાઓ જેનો આપણે સામનો કરીએ છીએ — આ ઉદાહરણો દ્વારા તેઓ આપણને બતાવે છે કે આમાં પણ આપણી પાસે એવા સુઅવસરો છે કે આપણે એ સત્ય સાથે જોડાઈએ જે આપણે વાસ્તવમાં છીએ.

*પુનર્નવીન કરવું* આ વિશે છ શિખામણોની બાબતમાં આ નિશ્ચિતપણે સાચું છે. ઉદાહરણ તરીકે, પુનઃ નામકરણ કરવાના કાર્યને લો, જેના વિશે ગુરુમાઈજી પહેલી શિખામણમાં જણાવે છે. આપણે સંસારને કેવી રીતે સમજીએ

છીએ અને જે રીતે કામ કરીએ છીએ, તે મોટાભાગે એ નામો પર આધારિત છે જે આપણે આપ્યાં છે — લોકોને, સ્થાનોને, વસ્તુઓને. નામ ઓળખનું સૌથી પહેલું અને નજીકનું ચિહ્ન છે, આપણી ઇન્દ્રિયો દ્વારા આપણે સતત જે જાણકારીને ગ્રહણ કરી રહ્યા છીએ તેનું વર્ગીકરણ કરવા અને તેને સુવ્યવસ્થિત કરવાનું એક સાધન છે. નામ દર્શાવે છે કે એક વ્યક્તિ કોણ છે; નામ એ પણ દર્શાવી શકે છે કે તે વ્યક્તિ ક્યાંથી છે, તે કયા સમુદાય અથવા સંસ્કૃતિની છે, અને એ પણ દર્શાવી શકે છે કે તે વ્યક્તિ પ્રત્યે કેવો દૃષ્ટિકોણ રાખવો જોઈએ. આ રીતે, નામ વિસ્તારિત થવામાં મદદ કરી શકે છે અને તે સરળતાથી સંકુચિતતાનું પણ નિર્માણ કરી શકે છે.

કદાચ એટલા માટે જ આપણને ઇતિહાસમાં અને વર્તમાનમાં ઘણાં ઉદાહરણો જોવા મળે છે, જેમાં લોકો પુનઃ નામકરણ કરવાની પ્રક્રિયામાં જોડાયેલાં હોય છે. આપણે આવું એ દેશોના સંદર્ભમાં જોઈએ છીએ જેમણે વિદેશી સત્તાના શાસન બાદ પોતાની આઝાદીને પુનઃ પ્રાપ્ત કરી છે. બની શકે કે ઉપનિવેશક શાસન હેઠળ, આ પ્રદેશોનાં નગરો, શહેરો અને રાજ્યોને વિશિષ્ટ નામ આપવામાં આવ્યાં હોય; પરંતુ જ્યારે એ શાસન નથી રહેતું ત્યારે આ નામોને બદલી નાખવામાં આવે તથા રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઓળખની સ્પષ્ટપણે પુષ્ટિ કરવા માટે એ સ્થાનોને ફરીથી તેના મૂળ નામ આપવામાં આવે.

આપણે ધાર્મિક અને આધ્યાત્મિક પરંપરાઓમાં પણ આવું થતા જોઈએ છીએ. જેઓ સંન્યાસ દીક્ષા લે છે, તેઓ તેમના મૂળ નામનો ત્યાગ કરીને એક નવું નામ કે ઉપાધિ ધારણ કરે છે જે એ પરંપરાને અનુરૂપ હોય છે જેમાં તેઓ દીક્ષા લે છે. તેમનું પુનઃ નામકરણ કરવું એ સાંસારિક જીવનનાં બંધનનો ત્યાગ કરવાના તેમના નિર્ણયનું પ્રતીક છે. એ તેમના સંન્યાસનું અને તેમના દ્વારા પસંદ કરાયેલા પથ પ્રત્યે તેમના સમર્પણનું સૂચક છે.

ગુરુમાઈજી તેમની શિખામણમાં આપણને પ્રોત્સાહિત કરે છે કે આપણે પુનઃ નામકરણ કરવાના આ સિદ્ધાંતને અપનાવીએ — નામોમાં નિહિત શક્તિનો ઉપયોગ કરીએ — અને તેને આપણી પોતાની અંતર દિવ્યતા પર લાગુ કરીએ. જેવી રીતે, જ્યારે આપણે જીવનના કોઈ બાહ્ય પાસાને નવું નામ આપીએ છીએ તો એ આપણને એ પાસાને નવી રીતે જોવા માટે પ્રોત્સાહિત કરી શકે છે, તેવી જ રીતે આપણા અંતર આત્માને આપવામાં આવેલું નવું નામ પણ આપણને પ્રેરિત કરી શકે છે કે આપણે આપણા આત્માને નવી દૃષ્ટિથી જોઈએ અને તેની સાથેના આપણા સંબંધમાં નવીનતા લાવીએ. જેવી રીતે એક નામ કોઈ ભૌતિક ક્ષેત્ર પર દાવો કરવા માટે, તેને પામવા માટે મદદ કરી શકે છે, તેવી જ રીતે તે આપણને એ *આંતરિક* ક્ષેત્રને પુનઃ પ્રાપ્ત કરવામાં પણ મદદ કરી શકે છે જેના અસ્તિત્વ વિશે આપણે કદાચ જાણતા ન હોઈએ. (પ્રભાવશાળી રીતે, ગુરુમાઈજીએ આ શિખામણમાં પુનઃ નામકરણ કરવા ઉપરાંત બીજી બે પ્રવૃત્તિઓ પર આપણું ધ્યાન દોર્યું છે, તે છે *પુનઃ પ્રાપ્ત કરવું* અને *પુનઃ રચના કરવી.*)

આપણે જે હંમેશાં કરીએ છીએ — અને જે આપણી અંતર દિવ્યતાનું પ્રવેશદ્વાર પણ છે — તેનું એક પ્રત્યક્ષ ઉદાહરણ છે, *શ્વાસ લેવો.* ગુરુમાઈજીએ *પુનર્નવીન* કરવાની શિખામણોમાં શ્વાસ લેવા વિશે વાત કરી છે, વિશેષતઃ છઠ્ઠી શિખામણમાં. ગુરુમાઈજીએ જે કહ્યું છે તેનાથી હું ચકિત થઈ ગઈ છું કે કેવી રીતે આપમેળે *ચાલતો* શ્વાસ પણ આપણને આપણા અંતર જગતના ઊંડાણ વિશે કંઈક જણાવી શકે છે. ગુરુમાઈજી એ 'લાંબા નિઃશ્વાસ'ની

વાર્તાનો ઉલ્લેખ કરે છે, જેમાં મુખ્ય પાત્રની એક સાધારણ આહ, તેનો એક સાધારણ નિઃશ્વાસ તેની ગહનતમ લલકનું પ્રમાણ છે. શું તમને આ ખૂબ જ ચિર-પરિચિત નથી લાગતું? આના વિશે વિચારો : જ્યારે તમે તમારા લગ્નની વર્ષગાંઠ પર તમારા સાથીની સાથે નથી રહી શકતા અથવા તમે તમારા બાળકના ગાયન કે પઠનની રજૂઆતમાં પહોંચી નથી શકતા, અથવા કોઈ બીજી વ્યક્તિ જેની સાથે તમે રહેવા માગો છો અથવા કોઈ એવી જગ્યા જ્યાં તમે જવા માગો છો પરંતુ જઈ નથી શકતા ત્યારે શું તમે એક નિઃશ્વાસ નથી છોડતા, એક આહ નથી ભરતા? પરંતુ તમારો નિઃશ્વાસ જેટલો તમારા પસ્તાવાને વ્યક્ત કરે છે, તેટલો જ તમારા પ્રેમને, તમારા હૃદયની ગહન અને સ્થાયી મૃદુલતાને પણ વ્યક્ત કરે છે. આ ઉદાસીનતાની અંદર પોતાના વિશે કંઈક ઓળખવાનો, તમારા હૃદયની પ્રેરણા પ્રત્યે હજી વધારે એકલય થવાનો અવસર રહેલો છે.

***

આ માત્ર બે ઉદાહરણો છે, એક છે *પુનર્નવીન કરવું* શિખામણોના આરંભમાંથી અને બીજું તેના સમાપનમાંથી. પરંતુ ગુરુમાઈજી આ શિખામણોમાં બીજાં ઘણાં બધાં સાધનો અને અભ્યાસો પ્રદાન કરે છે, તેઓ *તમારા આંતરિક અને બાહ્ય દૃશ્યને પુનર્નવીન કરવું* એના માટે ઘણી રીતો પ્રદાન કરે છે જેનું અન્વેષણ એટલા જ વિસ્તારથી કરી શકાય છે.

મારો અનુભવ રહ્યો છે કે સાધનામાં આપણે જે પ્રયત્નો કરીએ છીએ, તેનાં ફળ સંચિત થતાં જાય છે. આ પ્રયત્નોને એકબીજાનો આધાર મળે છે, તે એકબીજાને ઊર્જા પ્રદાન કરે છે અને તે ગુરુકૃપાથી ઉન્નત થતા જાય છે. ગુરુમાઈજીએ આપણને ત્રીજી શિખામણમાં વારંવાર બોલવા માટે જે અભિકથન પ્રદાન કર્યું છે, તેના વિશે હું થોડા સમયથી વિચારી રહી છું. આ અભિકથનની અંતિમ પંક્તિ છે : “મારી સાધના કરવાના મારા બધા પ્રયત્નો હવે પ્રયત્નહીનતાની આભાથી ચમકી ઊઠશે કારણ કે હું જાણું છું કે કૃપા મારી સહચરી છે.”

થોડા સમય પહેલાં, મેં ગુરુમાઈજીને આ પંક્તિઓ વિશે પૂછ્યું હતું, ખાસ કરીને પ્રયત્ન અને પ્રયત્નહીનતા વચ્ચેના સંબંધ વિશે. તેના ઉત્તરમાં ગુરુમાઈજીએ એક કલાકારની ઉપમા આપી હતી — તે કોઈપણ ક્ષેત્રનો કલાકાર હોઈ શકે — સંગીતકાર, ચિત્રકાર, લેખક, અભિનેતા, નર્તક. એક કલાકાર માટે એ આવશ્યક છે કે તે સૌપ્રથમ પોતાની કળાની ટેક્નીકમાં નિપુણતા પ્રાપ્ત કરે, એ કળાને શીખવા માટે જરૂરી સમય આપીને તેના મૂળ સિદ્ધાંતોને શીખે. ધીરેધીરે, રાતદિવસ આવું કર્યા પછી, તે એની સીમાઓ અને બંધનોને પાર કરી શકે છે. પોતાના સંગીતના સૂરોની હરકતોમાં, પોતાની પીંછી ચલાવવાની રીતમાં, પોતાના શબ્દોને આપમેળે વાક્યનો આકાર લેતા જોવામાં તે સ્વતંત્રતા પ્રાપ્ત કરી લે છે. અનુશાસન કળામાં બદલાઈ જાય છે.

ગુરુમાઈજીએ મને એ પણ સમજાવ્યું કે જ્યારે તમે એ વસ્તુને ‘પસંદ’ કરો છો જેના માટે પ્રયત્ન કરો છો — જ્યારે તમને પ્રયત્ન કરવામાં મજા આવે છે અથવા તમે પ્રયત્ન કરવા માટે પ્રેરિત થાઓ છો — ત્યારે તમને લાગતું જ નથી કે તમે “પ્રયત્ન” કરી રહ્યા છો. ગુરુમાઈજીએ કહ્યું કે આ દૃષ્ટિએ, પ્રયત્ન પ્રેમ જેવો છે. હા, પ્રેમને

દરેક વસ્તુ, દરેક જીવ પ્રત્યે વ્યક્ત કરી શકાય છે — પરંતુ જ્યારે તમને કોઈ એવી વ્યક્તિ કે વસ્તુ મળી જાય જેને પ્રેમ કરવો સરળ છે, તો પછી શું એ પ્રેમને વ્યક્ત કરવો સહેજ વધારે સહજ-સ્વાભાવિક નથી થઈ જતું?

એક સાથી સિદ્ધયોગીના રૂપમાં, તમારી સાથે વાત કરવી અને તમારા અનુભવોને વાંચવા કે તમે કેવી રીતે ગુરુમાઈજીની આ શિખામણોનો અભ્યાસ કરી રહ્યા છો એ મારા માટે ઘણી ખુશીની વાત છે. તમે તમારા અનુભવોમાં જે જણાવ્યું છે, તે એ બધી જ વાતોને દર્શાવે છે જેનો મેં હમણાં ઉલ્લેખ કર્યો છે — સાધના પ્રત્યે વચનબદ્ધતા, કેવી રીતે આ સમર્પિત પ્રયત્નોના પ્રભાવોમાં વૃદ્ધિ થતી જાય છે તેમજ એ પ્રભાવોના ફળસ્વરૂપ થતાં સૂક્ષ્મ અને મોટા રૂપાંતરણો. ઉદાહરણ તરીકે, તમારામાંથી એક વ્યક્તિએ હાલમાં લખ્યું હતું :

> ગુરુમાઈજીની શિખામણોના આ સંકલનનો સૌથી નોંધપાત્ર લાભ મને એ થયો છે કે મારી સાધના સાથેનો મારો સંબંધ બદલાઈ ગયો છે. મને લાગે છે કે આ શિખામણો મારા આત્મવિશ્વાસને વધારી રહી છે અને સાથેસાથે મારા પોતાના "આંતરિક દૃશ્ય"ને સમજવાની, તેનું વર્ણન કરવાની અને તેનો અનુભવ કરવાના શબ્દભંડોળની વૃદ્ધિ કરી રહી છે. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ શિખામણોએ મને પ્રોત્સાહિત કરી છે કે હું મારી સાધના પ્રસન્નતા અને સાહસથી ભરેલા જોશ સાથે કરું...

મને લાગે છે કે મારી જેમ તમારાંમાંથી ઘણાં લોકો આ શિખામણોને ફરીથી વાંચશે. જ્યારે તમે આવું કરશો ત્યારે તમે તેમાંથી નિશ્ચિતરૂપથી કંઈક નવી ખોજ કરશો — એ શિખામણ વિશે અને સ્વયં તમારા વિશે. તમે એ વાર્તાઓને પણ ફરીથી વાંચી શકો છો જેનો સંદર્ભ દરેક શિખામણમાં આપવામાં આવ્યો છે અને જેની લિંક અંગ્રેજીમાં પ્રકાશિત શિખામણોની નીચે આપવામાં આવી છે. તમારા અધ્યયનને સહાય કરવા માટે અને તેને ગહન કરવા માટે આ વાર્તાઓનું પુનર્લેખન અને ભાષાંતર કરવામાં આવ્યું છે, અને આમાંથી ઘણી વાર્તાઓનું અંગ્રેજીમાં ઑડિઓ રેકૉર્ડિંગ પણ ઉપલબ્ધ છે.

તમે ઇચ્છો તો આ શિખામણો સાથે આપવામાં આવેલા દૃશ્યો પર પણ ધ્યાન આપી શકો છો. મેં પહેલાં પણ લખ્યું હતું કે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર જે વિભિન્ન ડિઝાઇનો અને કલાકૃતિઓ હોય છે, તેનો ઘણીવાર એક વિશિષ્ટ અને વિચારશીલ અર્થ હોય છે. *પુનર્નવીન કરવું* શિખામણો સાથે પણ આવું જ છે. જેમ કે તમે જોયું હશે, દરેક શિખામણનું પૃષ્ઠ ચાંદીને ટીપીને બનાવવામાં આવેલા પતરા જેવું છે. ગુરુમાઈજીએ મને કહ્યું છે કે જ્યારે તેઓ આ શિખામણો લખી રહ્યાં હતાં ત્યારે તેમનાં મનમાં ચાંદીના આ પતરાનું ચિત્ર ઊભર્યું હતું.

મેં હંમેશાં મહસૂસ કર્યું છે કે શ્રીગુરુમાઈ અને એકલયતા, એક જ છે, તેથી કદાચ એ જાણવું આશ્ચર્યજનક નથી — અને સાથેસાથે તે પૂરીરીતે ચમત્કારિક પણ છે — કે ચાંદી અને ખાસ કરીને ટીપેલા ચાંદીના પતરામાં એવા ગુણ છે જે આ શિખામણો સાથે સુસંગત છે. શુદ્ધ ચાંદી ચમકદાર હોય છે, તે પ્રકાશને સૌથી વધારે પરાવર્તિત કરનારી ધાતુઓમાંથી એક છે અને તેના પર કાટ લાગતો નથી કે તેનો ક્ષય થતો નથી. સાથેસાથે, ચાંદી તેની કોમળતા અને લવચીકતા માટે પણ જાણીતી છે, એટલી હદ સુધી કે તેને તોડ્યા વિના, ટીપી-ટીપીને પાતળી વરખ, પતરું કે સુંદર આકૃતિઓનું રૂપ આપી શકાય છે. જ્યારે તેને આ રીતે ટીપવામાં આવે છે, ત્યારે ચાંદી મજબૂત અને વધારે ટકાઉ થઈ જાય છે. આખા ઇતિહાસમાં, ટીપાયેલા ચાંદીના પતરાથી બહુમૂલ્ય વસ્તુઓ બનાવવામાં આવી છે, જેમ

કે આભૂષણો, મુદ્રાઓ, સુશોભિત વસ્તુઓ અને એવી પૂજા-સામગ્રીઓ જેનો ઉપયોગ ધાર્મિક અને આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં કરી શકાય.

મને લાગે છે કે આ ઉપમા સ્પષ્ટ છે. તે પ્રોત્સાહનથી ભરેલી પણ છે. તમારાંમાંથી ઘણાં લોકોએ જણાવ્યું કે ગુરુમાઈજીની આ શિખામણો તમને બિલકુલ યોગ્ય સમયે પ્રાપ્ત થઈ છે. તમને ખાતરી હતી કે ગુરુમાઈજી સીધા તમારી સાથે અને તમારી વિશેષ પરિસ્થિતિઓ વિશે વાત કરી રહ્યાં છે. તો, એ કેટલી અદ્‌ભુત વાત છે કે આ શિખામણોથી માર્ગદર્શન લઈને આપણે પોતાને અને આપણા જીવનને ચાંદીના એક ચમકદાર કેન્વસ જેવું સમજીએ જે આપણી સાધના દ્વારા વધારે મજબૂત, વધારે સુંદર, આશ્ચર્યજનક રૂપે વધારેને વધારે પરિષ્કૃત થઈ રહ્યું છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.